Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ભારતના વિદેશ વ્યાપારના કદમાં આવેલા પરિવર્તનો

ટાલીયા ચનાભાઈ ભીખાભાઈ

Ph.D. Scholar

Department of Economics

Saurashtra University Rajkot

## સારાંશ

વિદેશ વ્યાપારને આર્થિક વિકાસના એન્જીન તરીકે ઓળખવામાં આવે છે. આ વિદેશ વેપાર એટલા માટે મહત્વનો બની રહે છે. કારણ કે શ્રમ વિભાજન અને વિશિષ્ટીકરણ કે જે ઉત્પાદન વૃદ્ધિ માટે ખૂબ જ જરૂરી છે. તેના દ્વારા વિદેશ વ્યાપારમાં વધારો કરી શકાય છે. તેના કારણે જે તે દેશને ચોક્કસ પ્રકારના લાભ પ્રાપ્ત થાય છે. આજે વિશ્વનાં લગભગ બધા જ દેશો એકબીજા સાથે આંતરરાષ્ટ્રીય વ્યાપારથી જોડાયેલા છે. ભારતમાં આયોજન, હરિયાળી ક્રાંતિ અને  ત્યારબાદ આર્થિક સુધારાઓ બાદ ભારતના વિદેશ વ્યાપારના કદમાં અનેક ગણો વધારો થવા પામ્યો છે.


**ચાવીરૂપ શબ્દો**: વ્યાપાર, વિદેશ વ્યાપારનું કદ,આયાત, નિકાસ, વ્યાપારતુલા

**પ્રસ્તાવના**

માનવીનાં જીવનના વિકાસ સાથે ક્રમશઃ માનવીની જરૂરિયાતોમાં સતત વધારો થવા લાગ્યો આથી માનવી પોતાની બધી જ જરૂરિયાતો સંતોષવા અસમર્થ બની ગયો. તેથી પોતાની જરૂરિયાતો માટે તેને બીજા વ્યક્તિ પાસેથી વસ્તુ કે સેવા મેળવવાની ફરજ પડી. આ સાથે વસ્તુ વિનિમય પ્રથાનો જન્મ થયો. પરંતુ તેની કેટલીક ખામીઓના કારણે નાણાંની શોધ થઈ. નાણાંએ પરસ્પરની જરૂરિયાતોને સરળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો. આમ, નાણા પદ્ધતિએ વ્યાપાર વ્યવસ્થાને જન્મ આપ્યો. જે રીતે માનવી પોતાની બધી જ જરૂરિયાતો સંતોષી શકતો નથી.  તે જ રીતે કોઈ એક દેશ પણ પોતાની બધી જ જરૂરિયાતો અને વસ્તુઓનું ઉત્પાદન જાતે કરી શકતો નથી. માટે જ દરેક દેશ પોતાની બધી જરૂરિયાતોની વસ્તુઓની બાબતમાં કદી સ્વાવલંબી બની શકતો નથી. તેનાં કારણે આંતરરાષ્ટ્રીય વ્યાપાર ઉદ્ભવે છે. આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વિશ્વના બે કે તેથી વધુ દેશો વચ્ચે ચીજવસ્તુઓ કે સેવાઓની આયાત નિકાસ થાય છે. આયાત-નિકાસના કારણે બધા જ દેશો ને સમાન લાભ થાય તેવું નથી. કારણ કે કયા દેશને વિશેષ અથવા ઓછો લાભ પ્રાપ્ત થશે તેનો આધાર કોઇ એક દેશની વિકસિત અવસ્થાની કક્ષા વધારે છે કે ઓછી તેના પર રહેલો છે.

હેતુઓ

1. ભારતના વિદેશવ્યાપારમાં આયાતોનું કદ જાણવું.

2. ભારતના વિદેશ વ્યાપારમાં નિકાસોનું કદ જાણવું.

3. ભારતના વિદેશ વ્યાપાર અંગે વ્યાપારતુલાની માહિતી મેળવવી.

ભારતનો વિદેશ વ્યાપાર

વિદેશ વેપારનું (આંતરરાષ્ટ્રીય વેપારનું) કદ એટલે સરળ શબ્દોમાં કહીએ તો આયાત અને નિકાસ થતી ભૌતિક વસ્તુઓનું કુલ મુલ્ય .(તથા કુલ જથ્થો) પ્રતિ વર્ષ જો આયાત માટે થતી ચૂકવણી અને નિકાસમાંથી થતી કમાણી વધતી જાય, દેશની રાષ્ટ્રીય આવકમાં વેપારના મૂલ્યનો ટકાવારી હિસ્સો વધતો જાય તથા વિશ્વવેપારમાં દેશના વેપારનો હિસ્સો વધે તો તે દેશના વેપારનું કદ વધ્યું એમ કહેવાય. ભારતમાં વિદેશ વ્યાપાર ભારત જેવા વિકાસશીલ દેશના આર્થિક વિકાસમાં વિદેશ વ્યાપાર ખૂબ જ મહત્વનો રહેલ છે. ભારત દેશમાં વૈવિધ્યસભર કુદરતી સંસાધનો ખૂબ સારા એવા પ્રમાણમાં ધરાવે છે. તેમજ વિશ્વમાં સૌથી વધુ યુવાધન ધરાવે છે. ભારત દેશ એ વિશ્વના મોટાભાગના દેશો સાથે વ્યાપારિક સંબંધોથી જોડાયેલ છે.

ભારતમાં 1991 થી 2020 સુધીના સમય ગાળામાં આયાત અને નિકાસ બંનેનું કદ અને તેમનો રાષ્ટ્રીય આવક તથા વિશ્વ વેપારમાં ટકાવારી હિસ્સો વધ્યા છે. પરંતુ નિકાસના કદ અને વૃદ્ધિના દર કરતાં આયાતનું કદ અને વૃદ્ધિનો દર મોટા ભાગના વર્ષમાં વધુ રહ્યા છે. સ્વતંત્રતા પછી શરૂઆતનાં વર્ષોમાં નીચા વિકાસદરના કારણે ભારતમાં વિકાસલક્ષી આયાતોનું કદ ખુબ નાનું રહ્યું. જ્યારે નિકાસ કરવાની ક્ષમતા નીચી હોવાના કારણે નિકાસો નીચી રહી. 1991નાં આર્થિક સુધારાઓ બાદ પણ આયાતો વધતી ગઈ. આ ગાળા દરમિયાન દેશમાં આવકોમાં વધારો થતા દેશમાં માંગ વધતી ગઈ અને નિકાસ માટે ઓછું ઉત્પાદન બચતા નિકાસો નીચાં પ્રમાણમાં રહી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar


**Table 1- Recent trends in India's foreign Trade (in US $million)**


| Year | Exports | Imports | Trade Balance |
|---|---|---|---|
| 1990-91 | 18477 | 27914 | -9437 |
| 1991-92 | 18266 | 21064 | -2798 |
| 1992-93 | 18869 | 24316 | -5447 |
| 1993-94 | 22683 | 26739 | -4056 |
| 1994-95 | 26855 | 35904 | -9049 |
| 1995-96 | 32310 | 43670 | -11360 |
| 1996-97 | 34133 | 48948 | -14815 |
| 1997-98 | 35680 | 51187 | -15507 |
| 1998-99 | 34298 | 47544 | -13246 |
| 1999-00 | 37542 | 55383 | -17841 |
| 2000-01 | 45452 | 57912 | -12460 |
| 2001-02 | 44703 | 56277 | -11574 |
| 2002-03 | 53774 | 64464 | -10690 |
| 2003-04 | 66285 | 80003 | -13718 |
| 2004-05 | 85206 | 118908 | -33702 |
| 2005-06 | 105152 | 157056 | -51904 |
| 2006-07 | 128888 | 190670 | -61782 |
| 2007-08 | 166163 | 257630 | -91468 |
| 2008-09 | 189001 | 308520 | -119520 |
| 2009-10 | 182442 | 300644 | -118203 |
| 2010-11 | 256159 | 383481 | -127322 |
| 2011-12 | 309774 | 499533 | -189759 |
| 2012-13 | 306581 | 502237 | -195656 |
| 2013-14 | 318607 | 466216 | -147609 |
| 2014-15 | 316545 | 461484 | -144940 |
| 2015-16 | 266365 | 396444 | -130079 |
| 2016-17 | 280138 | 392580 | -112442 |
| 2017-18 | 308970 | 469006 | -160036 |
| 2018-19 | 337237 | 517519 | -180283 |
| 2019-20 | 320431 | 477937 | -157506 |

Source: Handbook of statistics on the Indian economy 2019-20 RBI

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ભારતમાં વિદેશવેપાર (આંતરરાષ્ટ્રીય )માં આયાતોઅને વ્યાપારતુલા નિકાસોનું પ્રમાણ-



Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ભારતનાં વિદેશ વેપારનું કદ અને તેમાં થયેલા ફેરફારો

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતાં જણાય છે કે વર્ષ 1990-91માં ભારતની નિકાસોનું પ્રમાણ 18477 યુ.એસ. મિલિયન ડોલર રહેવા પામ્યું હતું. જેની સરખામણીએ આયાતોનું પ્રમાણ 27914 યુ.એસ. મિલિયન ડોલર રહ્યું છે. તે વર્ષ દરમિયાન ભારતની વેપારતુલામાં નિકાસના પ્રમાણમાં આયાત વધુ હોવાથી -9437 યુ.એસ. મિલિયન ડોલર જેટલી ખાધવાળી રહેવા પામી હતી. આ પછીના પણ દરેક વર્ષનો આપણે અભ્યાસ કરીએ તો ભારત દેશમાં 1991ના આર્થિક સુધારાઓ બાદ આપણી આયાતો હંમેશા વધવા પામી છે. બીજી તરફ આપણી નિકાસોના પ્રમાણમાં પણ વધારો થયો છે. પરંતુ નિકાસોની સરખામણી આયાતનું પ્રમાણ હંમેશા વધુ રહ્યું છે. જેના કારણે વ્યાપારતુલામાં ખાધ જોવા મળી છે.

વર્ષ 2019-20માં ભારતની નિકાસો 320431 યુ.એસ. મિલિયન ડોલર રહી છે. તેમજ આયાતો 477937 યુ.એસ. મિલિયન ડોલર જેટલી થવા પામી હતી. જેના કારણે વ્યાપારતુલામાં -157506 યુ.એસ. મિલિયન ડોલર જેટલી ખાધ જોવા મળી છે. ભારતની આયાત અને નિકાસનું વધતુ પ્રમાણ ભારતના વિદેશ વ્યાપાર કદમાં વધારો થવા પામ્યો છે તે દર્શાવે છે.

તારણો

ભારતના વિદેશ વ્યાપારના કદમાં આવેલા પરિવર્તનો અભ્યાસ કર્યો તેમનો મહત્વની બાબત એ છે કે 1991નાં આર્થિક સુધારા બાદ ભારતમાં આર્થિક વિકાસની પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. દેશની વસ્તીની વધતી જરૂરિયાતોને સંતોષી અને ત્યાર બાદ પણ નિકાસોમા વધારો કરી શકાયો છે. દેશનાં વ્યાપારમાં કૃષિ ક્ષેત્રનો હિસ્સો ઘટ્યો છે. ઉદ્યોગ અને સેવા ક્ષેત્રના હિસ્સામાં વધારો થયો છે. ભારતનાં વિદેશ વ્યાપારનાં કદમાં આયાતો અને નિકાસોના પ્રમાણમાં પણ વધારો થયો છે. આમ ભારતના વિદેશ વ્યાપારના કદમાં જે પરિવર્તન થવા પામ્યુ છે. એ બાબત ભારતના વિદેશ વ્યાપારના કદમાં વધારો થયો છે તે સૂચવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

Reference

1. પરમાર.બી.ડી., અને અન્યો (2012-2013). *આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર-1.* અમદાવાદ:સી.જમનાદાસની કંપની.
2. પટેલ.આર.સી., અને અન્યો (2012-2013). *આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્ર.* સુરત:પોપ્યુલર પ્રકાશન.
3. https://www.researchgate.net/publication/332442657_An_Analysis_of_Indian_Foreign_Trade_in_Present_Era
4. https://commerce.gov.in/wp-content/uploads/2021/03/Commerce-English-2020-21.pdf
5. https://rbidocs.rbi.org.in/rdocs/Publications/PDFs/0HBS202024D4CA0CC03F4674B040F7DEDE7E5360.PDF
6. http://yojana.gov.in/cms/(S(vaffs4zkis41qd55yhmmylan))/pdf/Yojana/Gujrati/2012/Yojana%20February%202012.pdf